શ્રી અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડા, તા.આહવા,
જિ.ડાંગ સંચાલિત આશ્રમશાળા શિવારીમાળ,
જિ.ડાંગની ગ્રાન્ટ છુટી કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૦૮/૧૩૬૦/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/03/૨૦૧૮.

<u>વંચાણે લીધા</u> :-

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.30/0૭/૨૦૦૮નો આદેશ ક્રમાંકઃ આવિ /આશા/૬/૨૦૦૮/૩૯૧૮ થી ૩૯૧૯
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૨/૦૧/૨૦૦૯નો ઠરાવ ક્રમાંકઃ અમશ /૧૫૦૮ /૧૩૬૦/ઘ
(3) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૩/૧૦/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ આવિ /આશા /3/ફા.નં.૫૩૪/૨૦૧૫/૩૨૧૮
(૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૩/03/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ આવિ /આશા /૪/ફા.નં.૫૩૪/૨૦૧૬/૬૬૭

## <u>પ્રસ્તાવના</u> :-

શ્રી અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આશ્રમશાળા શિવારીમાળમાં જોવા મળેલ અનિયમિતતાઓ સબબ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) ના હુકમથી છાત્રોની મંજુર સંખ્યા ૧૨૦ માંથી ઘટાડી ૧૦૬ (હાજર સંખ્યા) કરાયેલ તથા ૧૦૬ છાત્રોની ગ્રાન્ટમાંથી 30 ટકા ગ્રાન્ટ કાપ કરવાના હુકમ કરાયેલ જેની સામે સંસ્થાએ વિભાગમાં અપીલ કરતાં વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવથી આશ્રમશાળાની માન્ય સંખ્યા પુનઃ ૧૨૦ કરવામાં આવેલ સાથોસાથ અનિયમિતતાઓના પ્રમાણમાં 30 ટકા ગ્રાન્ટ કાપને યથાવત રાખવામાં આવેલ. પણ જો આવતાં છ માસમાં કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી તરફથી નિરીક્ષણમાં સંતોષપ્રદ વિગતો મળે તો 30 ટકા ગ્રાન્ટ કાપ પૈકી ૨૦ ટકા ગ્રાન્ટ કાપ પાછી આપવાનો હુકમ થયેલ છે.

ત્યારબાદ નાયબ પ્રાયોજના વહીવટદારશ્રી, ડાંગ-આહવા દ્વારા આ આશ્રમશાળાની તા.0૬/0૯/૨૦૧૧ના રોજ મુલાકાત લેવામાં આવેલ અને ક્ષતિઓ બાબતે ઘટતી પૂર્તતા સંસ્થાએ કરેલ હોવા અંગેનો અહેવાલ મોકલી આપેલ. આ અંગે તા.૧૦/૧૨/૨૦૧૫ના રોજ આશ્રમશાળાનું નાયબ પ્રાયોજના વહીવટદારશ્રી, ડાંગ-આહવા દ્વારા પુનઃ નિરીક્ષણ કરવામાં આવેલ.

જે ધ્યાનમાં લઇને વંચાણે લીધા ક્રમાંક (૩)ના પત્રથી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી આશ્રમશાળા શિવારીમાળ, તા.આહવા, જિ.ડાંગની ગ્રાન્ટ કપાત અંગે નિર્ણય થઇ આવવા દરખાસ્ત કરેલ ત્યાર બાદ અત્રેથી સદર આશ્રમશાળાની ચકાસણી કરીને અદ્યતન અહેવાલ મોકલી આપવા જણાવેલ. જે અન્વયે ઉક્ત વંચાણમાં લીધેલ ક્રમઃ(૪) આગળના પત્રથી કમિશ્નર કચેરીએ અહેવાલ મોકલી આપેલ જે ધ્યાનમાં લઇને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ** :-

પ્રાયોજના વહીવટદારશ્રી, ડાંગ-આહવાની તા.૦૬/૦૯/૨૦૧૧ની મુલાકાત સમયે જોવા મળેલ પૂર્તતા ધ્યાને લઇને આશ્રમશાળા શિવારીમાળની વર્ષ ૨૦૧૧ થી ૧૦ ટકા ગ્રાન્ટ શિક્ષાના ભાગ તરીકે કાપ કરી તા.૦૪/૧૦/૨૦૧૬ થી બાયોમેટ્રીક એટેન્ડન્સ પ્રમાણે સરાસરી હાજરી ધ્યાને લઇ પૂરેપુરી એટલે કે ૩૦ ટકા ગ્રાન્ટ ચુકવવાની મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) પ્રમુખશ્રી/ મંત્રીશ્રી શ્રી અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડા, મુ.દોડીપાડા, પો.વઘઇ, જિ.ડાંગ-૩૯૪૭૩૦
(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
(૩) આશ્રમશાળા અધિકારીશ્રી, વલસાડ, જિ.વલસાડ
(૪) મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ), વલસાડ
(૫) નાયબ પ્રાયોજના વહીવટદારશ્રી, ડાંગ-આહવા, પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, જિ.ડાંગ-આહવા
(૬) આચાર્યશ્રી, શિવારીમાળ આશ્રમશાળા, મુ. શિવારીમાળ, પો.સાકરપાતળ, તા.વઘઇ, જિ.ડાંગ
(૭) સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
(૮) સિલેક્ટ ફાઇલ.